## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગાંધીના નામે મને આમ ચલાવીને ન લઈ જાવ... ચોક્ખુ કહી દો કે પેટ્રોલ પોસાતું નથી...!!

# સે-૨૪ આર્યસમાજ ખાતે દિલ્હીથી ટંકારા જવા નીકળેલા ૬૦ બાઈક સવારોનું સ્વાગત




ગાંધીનગર, તા.૧૨

મહાશિવરાત્રીના તહેવાર માટે ટંકારા જવા દિલ્હીથી આશરે ૬૦ બાઈકસવારો બાઈક પર નીકળ્યા હતા, તે તમામ ગઈકાલે બપોરે ઉવાગ્યે ગુજરાતના ગાંધીનગરમાં સેક્ટર-૨૪ના આર્યસમાજ ખાતે પહોંચ્યા હતા. તમામ બાઈકસવારોનું ગાંધીનગર આર્યસમાજના પદાધિકારીઓ અને કાર્યકર્તા ભાઈ-બહેનો દ્વારા સ્વાગત કરાયું હતું. આ બાઈકસવારોને આર્યસમાજ ખાતે ભોજન કરવાયું હતું ત્યારબાદ થોડો સમય આરામ કર્યા પછી તેઓ બધા પ્રસન્ન થઈને રાજકોટ જવા રવાના થયો. ગાંધીનગર આર્ય સમાજે તે બધા બાઈક સવાર શ્રદ્ધાળુ યુવાનોને તેમની યાત્રા સુખદાયી નીવડે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મેચના વિરોધમાં આત્મવિલોપનની ધમકી આપનારની ધરપકડ

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદ મોટેરા સ્થિત વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડીયમનું તાજેતરમાં ઉદ્દ્ઘાટન થયું છે. આ અધ્યત્ન તેમજ અદ્દ્ભુત સ્ટેડીયમમાં ક્રિકેટ મેચ રમાનાર છે જેમાં એક લાખથી વધુ ક્રિકેટ પ્રેમીઓ મેચ નિહાળવા માટે આવવાના છે. ત્યારે ગાંધીનગર કુડાસણ ખાતે શુકન સ્કાય ખાતે રહેતા પંકજકુમાર ધનજીભાઈ પટેલ આ મુદ્દે ચાંદખેડા પીઆઈ સાથે ટેલીફોનીક વાતચીત કરી હતી. જેમાં પંકજકુમારે મોટેરામાં ભીડ ભેગી કરવા સામે પોતાનો રોષ વ્યકત કર્યો હતો અને જો મોટેરામાં મેચ યોજાશે તો હું પેટ્રોલ છાંટીને આત્મવિલોપન કરીશ તેવી ચિમકી ઉચ્ચારતા અમદાવાદ અને ગાંધીનગર પોલીસ હરકતમાં આવી ગઈ હતી. ગાંધીનગરની ઈન્ફોસીટી પોલીસે પંકજકુમાર પટેલ સામે અટકાયતી પગલા લીધા હતા. ઉલ્લેખનીય છે કે ચાંદખેડા પીઆઈ અને પંકજ પટેલનો ઓડીયો વાયરલ થયો છે. જેમાં પંકજ પટેલે કોરોના ગાઈડલાઈન બનાવી છે જેમાં બે ફુટનું અંતર અને ભીડ એકઠી ન કરવી તો આટલા નાગરીકો કેમ એકઠા થવા દેવામાં આવે છે. શું સરકારે ગાઈડ લાઈન રદ કરી દીધી છે જેવા વેધક સવાલો કર્યા હતા. ત્યારબાદ તેઓએ આ મુદ્દે આટલી મોટી સંખ્યામાં નાગરીકોને એકઠા થવા દેવામાં આવશે તો હું હાઈકોર્ટમાં જઈશ અથવા તો હું આત્મ વિલોપન કરી દઈશ. સરકાર જનતાને જ હેરાન કરી રહી છે. પીઆઈએ સ્ટેડીયમમાં સોશ્યલ ડિસ્ટન્સ પાલન કરવામાં આવશે અને તમામ વ્યકિતને સેનેટાઈઝર આપવામાં આવશે. તે ઉપરાંત સ્ટેડીયમને પણ સેનેટાઈઝેશન કરવામાં આવ્યું છે. હું પણ નિયમો સાથે આંદોલન કરીશ તો તમે મને મંજુરી આપશો ? તો તેના જવાબમાં પીઆઈ કહે છે કે આવી મંજુરી આપવામાં આવી શકે નહી. ત્યારે પંકજ પટેલે કહ્યું કે તો તમારા વિસ્તારમાં વ્યકિતઓ એકઠા ન થાય તેની જવાબદારી પણ તમારી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ૧૫મી પછી તાપમાન વધે તેવી સંભાવનાઓ છે.
- ગાંધીનગર જિલ્લામાંથી આજે પાંચ હજારથી વધુ કાર્યકરો સાબરમતી ગાંધી આશ્રમ ખાતેના કાર્યક્રમમાં જોડાયા હતા.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.
- જી.આઈ.ડી.સી.ના નજીકના વિસ્તારોમાં ગટર ઉભરાતાં આસપાસના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- ગાંધીનગર શહેરમાં શનિ-રવિની રજાનો માહોલ અને માર્ચ એન્ડીંગ હોવાથી ટ્રાફિક પણ ઓછો હતો અને બજારો પણ ખાલીખમ જણાતા હતા.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો વધતાં તંત્રમાં ચિંતા વધવા પામી છે.

# જિલ્લામાં વધુ ૨ નવી ખિલખિલાટ એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ



ગાંધીનગર, તા.૧૨

આજ રોજ ગાંધીનગર જિલ્લામાં ડભોડા તેમજ વડોદરા મળીને ૨ જાહેર આરોગ્ય કેન્દ્ર ખાતે નવી ખિલખિલાટ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ડભોડા ખાતે યોજાયેલ લોકાર્પણમાં પી.એચ. સી.ના મેડિકલ ઓફિસર ડૉ. યોગિનીબેન તથા પી.એચ.સી. સ્ટાફ, ૧૦૮ ઈમરજન્સી ટીમ સાથે જિલ્લાના ઇ.એમ.ઈ. અક્ષયભાઈ પંચાલ હાજર રહ્યા હતા. તેજ રીતે વડોદરા પી.એચ.સી.ના મેડિકલ ઓફિસર ડૉ. હાર્દિકભાઈ તથા વડોદરા ગામના સરપંચ દિલીપભાઈની હાજરીમાં ખિલખિલાટ વાનની પ્રશંસનીય કામગીરીને આવકારી સેવાને બિરદાવી હતી. જ્યાં જિલ્લાના અંતરિયાળ ગામમાં લાભાર્થીને કોઈ પણ તકલીફ ના પડે તે રીતે વધુ સાનુકૂળ અને નિઃશુલ્ક સેવા મળી રહે તે રીતેનું આયોજન કરીને જિલ્લામાં વધુ ૨ ખિલખિલાટ એમ્બ્યુલન્સ વધારવામાં આવી છે જેના પગલે ગાંધીનગરના આ ગ્રામ્ય વિસ્તારોમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

# સે-૨૪માં શ્રીનગર ખાતે પેવર બ્લોક નાંખવામાં નડતી અડચણો સ્થાનિકોએ હટાવી



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે શ્રીનગર સોસાયટીમાં ઘણા સમયથી પેવર બ્લોક નાંખવાની કામગીરીની જરુરિયાત હતી પરંતુ સોસાયટીના આંતરિક વિસ્તારમાં કેટલાંક ઓટલા સહિત અડચણોને કારણે કામ ખોરંભે ચડવા પામ્યું હતું. આજે સ્થાનિક અગ્રણી તુલસીભાઇ માલીએ અન્ય અગ્રણીઓને વિશ્વાસમાં લઈને પોતાના ખર્ચે જેસીબી મશીન બોલાવી આ અડચણો દૂર કરાવતા પેવર બ્લોક ફીટીંગનું કામ શરૂ થવા પામ્યું હતું જેના પગલે સમગ્ર વિસ્તારમાં આનંદની લહેર પ્રસરવા પામી છે. આ અડચણો હટાવવાના કાર્યમાં સ્થાનિક અગ્રણીઓ જેવાકે અર્જુનભાઇ ઠાકોર, દિલીપભાઇ મન્સુરી, દિપકભાઇ દવે, રાજુભાઇ મન્સુરી, ટીનાભાઇ જયસ્વાલ વગેરેએ સહકાર આપી સર્વસંમતિથી અડચણો હટાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં રાજસ્થાન સહિતના પરપ્રાંતિય વસાહતીઓ ખૂબ મોટી સંખ્યામાં વસવાટ કરે છે અને તુલસીભાઇ માલી ગાંધીનગરના રાજસ્થાન સમાજ સેવા ટ્રસ્ટના અધ્યક્ષ હોવા સાથે પરપ્રાંતિય વસાહતીઓનું પ્રતિનિધિત્વ કરે છે.



'જયાં છત, ત્યાં ઘર...' એ ન્યાયે શહેરમાં ઠેર ઠેર બનાવાયેલા પાકા બસ સ્ટેન્ડ પર પ્રાંતિય મજદૂરો અને ભિક્ષુકોનું ઘર બન્યા છે. તાપ, ટાઢ અને વરસાદથી બચવા માટે આ બસ સ્ટેન્ડ ખૂબ જ ઉપયોગી બન્યા છે. શહેરમાં રેનબસેરાનું કોઈ આયોજન ન હોવાથી જેમને માથે છત ન હોય તેઓ આ બસ સ્ટેન્ડને જ ઘર બનાવી રહે છે. જો કે તેના કારણે નિયમિત મુસાફરોને ઘણી મુશ્કેલી પડે છે.

# મુબારકપુર-બાલવા માર્ગ પર ટેન્કરનુ ટાયર ફરી વળતા બાળકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

મુબારકપુર-બાલવા માર્ગ પર ઈલેક્ટ્રીક વાહન અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં માતા અને બાળક માર્ગ પર પટકાતા ટેન્કરનું ટાયર પાંચ વર્ષના બાળક પર ફરી વળતા તેનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. બનાવ બાદ ટેન્કર ચાલક ભાગી ગયો હતો. વ્હાલસોયા બાળકના અચાનક મૃત્યુને પગલે પરિવાર પર આભ તુટી પડ્યું હતું. બનાવ અંગે કલોલ તાલુક પોલીસે ટેન્કર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ નરોડા લક્ષ્મીવિલા માર્ગ પર યશ પ્લેટીના ફલેટ બી-૫૪ ખાતે રહેતા કવિતાબેન મૌલિકકુમાર પટેલ તેમના દાદા મનુભાઈનું અવસાન થતા તેઓ તેમના પિયર મુબારકપુર ખાતે દિકરા કલ્પ લઈને રહેવા માટે ગયા હતા. તે દરમિયાન આજે સવારના સમયે તેઓના પિતાનું ઈલેક્ટ્રીક વાહન લઈને પુત્ર સાથે ઉનાવા ગામમાં ખરીદી માટે ગયા હતા.ત્યારબાદ ૧૦ વાગ્યાના અરસામાં મુબારકપુર પરત જઈ રહ્યા હતા તે સમયે સંસ્કાર મંગલ સ્કુલ પાસે સામેથી માતેલા સાંઢની જેમ આવેલા ટેન્કર નં. જી.જે.૩૧.ટી.૧૦૨૩ ના ચાલકે ઈલેક્ટ્રીક વાહનને અડેફેટે લીધુ હતું. આ અકસ્માતમાં માતા અને દિકરો માર્ગ પર પટકાયા હતા. તે સમયે કલ્પ પર ટ્રકનું ટાયર ફરી વળતા ઘટના સ્થળે જ તેનુ મૃત્યુ નિપજયુ હતુ. અકસ્માત સર્જીને ટેન્કર ચાલક નાસી છુટ્યો છે. અકસ્માત બાદ ગંભીર હાલતમાં બાળકને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા પરંતુ ફરજ પરના તબિબે બાળકને મૃત જાહેર કર્યો હતો. નાનકડા વ્હાલસોયા બાળકના અચાનક અવસાનથી પરિવાર પર આભ તુટી પડ્યું હતું. સિવિલ હોસ્પિટલ ખાતે પરિવારજનોના હૈયાફાટ રૂદનથી સૌની આંખ ભીની બની હતી.જયારે બનાવની જાણ થતા મુબારક પુર ગામે પણ શોકનું મોજુ ફરી વળ્યું હતુ. બનાવ અંગે કવિતાબેનની ફરીયાદ લઈ પોલીસે ટેન્કર ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# મહિલાઓ દ્વારા મહિલાઓ માટે મ્યુઝિકલ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત "ગીત ગાતા ચલ" (કરાઓકે-ક્લબ) દ્વારા તા. ૮મી માર્ચે "ઈન્ટરનેશનલ વુમન-ડે" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગ લેનાર મહીલા સિંગરોએ કરાઓકે-ટ્રેક દ્વારા સુમધુર ગીતોની રજુ કરી પોતાના અવાઝનાં કંઠનો જાદુ પાથર્યો હતો.



આ કાર્યક્રમમાં ભાગ લેનાર ૨૧-(એકવીસ) મહીલા સિંગરોને સર્ટીફિકેટ આપી પ્રોત્સાહીત કરવા માટે અમદાવાદનાં જાણીતા મહિલા સિંગર ખુશ્બુ ગુજરાતકી ફેઈમ વર્ષા કુલકર્ણી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા, તેમજ તેમજ અતિથિ વિશેષપદે મધુબેન પ્રજાપતિ, જગદીશ નાયક ઉપસ્થિત રહ્યાં હતા. ઉપરાંત આ સમગ્ર કાર્યક્રમનું રસપદ સંચાલન સંગીતાબેન દવે દ્વારા તેમજ આભાર વિધી રેખાબેન રાવલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન જનકબા અજીતસિંહજી પરમાર દ્વારા કરવામાં આવ્યુ હતું. તેમજ આર. કે. રાવલ, બિજોય તિવારી અને શ્રવણકુમાર પરમાર દ્વારા વિશેષ સહયોગ આપવામાં આવ્યો હતો.

# શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ ઉપક્રમે તથા વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિય સ્વામીજી મહારાજ સ્મૃતિ સત્ર પર્વે મહાપૂજા યજ્ઞ



ગાંધીનગર, તા. ૧૨

ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે મણિનગર અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ ઉપક્રમે તથા વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિય સ્વામીજી મહારાજ સ્મૃતિ સત્રની પૂર્વ સંધ્યાએ મહાપૂજા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વમાંથી મહામારી કોરોનાના રોગથી મુક્તિ મળે અને સર્વને આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત થાય તે અર્થે શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજ તથા પૂજનીય સંતો અને હરિભક્તોએ સ્વામિનારાયણબાપા સ્વામીબાપા તથા વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં મહાપૂજા યજ્ઞમાં આહુતિ અર્પણ કરી હતી.

# ગાંધીનગર જિલ્લાકક્ષાનો અમૃત મહોત્સવ લોદરા ખાતે યોજાયો

## આઝાદીના ૭૫ વર્ષે ભારત સરકાર દ્વારા સમગ્ર રાષ્ટ્રમાં અમૃત મહોત્સવની ઉજવણીનું આયોજન





ગાંધીનગર, તા. ૧૨

આઝાદીના ૭૫ વર્ષે ભારત સરકાર દ્વારા સમગ્ર ભારત ભરમાં અમૃત મહોત્સવની ઉજવણીનું આયોજન થયું છે. જે ૭૫ અઠવાડિયા સુધી ચાલશે.

આ અમૃતમહોત્સવનો પ્રારંભ ગુજરાતની પૂજ્ય બાપુની પવિત્ર ભૂમિ સાબરમતી આશ્રમથી થયો છે જેના ભાગરૂપે સમગ્ર રાજયમાં આ ઉજવણી થઈ રહી છે. ગાંધીનગર જિલ્લામાં સ્વાધિનતા સંગ્રામમમાં માણસા સત્યાગ્રહ થયો હતો અને લોદ્રા શહીદોના બલિદાનની ભૂમિ હોઈ જિલ્લા કક્ષાના અમૃતમહોત્સવનો ધારાસભ્ય શંભુજી ઠાકોરની અધ્યક્ષતામાં પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યું કે આઝાદી સંગ્રામમાં આપણું ગુજરાત અગ્રેસર રહ્યું છે. આઝાદી મેળવવા અનેક દેશ ભકતોએ બલિદાન આપ્યા છે. ત્યારે આ મહામૂલી આઝાદી મળી છે. તેનું જતન કરવું એ આપણી નૈતિક ફરજ છે.

ગાંધીજીએ અહિંસક લડાઈથી સાબરમતી આશ્રમને સમગ્ર સ્વાધિનતા સંગ્રામની ચળવળનું કેન્દ્ર બિન્દુ બનાવ્યું હતું.

આપણા ગુજરાતના સપૂત અને સ્વપ્ર દૃષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના ૭૫માં વર્ષે અમૃત મહોત્સવ ઉજવીને શહિદોને યાદ કરવા તેમના જીવન પ્રસંગો અને બહાદુરી તેમજ ખુમારીથી આઝાદીની લડતમાં ખૂપી જનારાનોને શ્રધ્ધાંજલિ આપી નવી પેઢીમાં સત્ય-અહીંસા-પ્રેમ અને કરુણાના ગુણોનું સિંચન થાય, દેશભિકત અને દેશ દાઝ પેદા થાય તે માટે ગાંધીજીએ શરુ કરેલ દાંડીયાત્રા ૧૨ માર્ચથી અમૃત મહોત્સવનો પ્રારંભ પણ સાબરમતી આશ્રમથી જ કરાવ્યો છે. જેમાં રાષ્ટ્રભરમાં ૧૮૫૭ થી સ્વાધિનતા સગ્રામમાં જીવન સમર્પિત કરનાર વીરોને યાદ કરવામાં આવશે. જેમાં વ્યકિતગત સ્વાર્થ અને પક્ષા-પક્ષીને બાજુએ મુકી ગાંમડા અને ગરીબોના ઉત્થાન માટે આત્મ નિર્ભર બનાવવા આગળ આવીએ.

આ પ્રસંગે ચિડ્રન યુનિવર્સિટીના વાઈસ ચેરમેન હર્ષદભાઈ શાહે જણાવ્યું કે પૂજય બાપુએ અહિંસક લોક સંગઠન અને લોકજાગૃતીથી સમગ્ર ભારતને એક તાંતણે બાંધ્યું હતું અને એક જુથ બની અંગ્રેજ સરકારને ભારત છોડવા મજબૂર કરી હતી.

આપણા વડાપ્રધાન ગાંધીજીના મૂલ્યો આધારિત ભારતને આત્મ નિર્ભર બનાવીને વિશ્વ ગુરુ બનાવા જઈ રહ્યા છે. ત્યારે ચિડ્રન યુનિવર્સિટીના બાળકો તપોવન કેન્દ્રમાં ગર્ભસંસ્કારથી જ બાળક તેજસ્વી બને અને તેજસ્વી ભારત બને તેવા પ્રકલ્પો થઈ રહ્યાં છે.

આ અમૃત મહોત્સવમાં જિલ્લા કલેકટર કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શાલીની દુહાન અધિક જિલ્લા કલેકટર એચ.એમ. જાડેજા, જિલ્લા પુરવઠા અધિકારી નીરૂપા ગઢવી, મામલતદાર માણસા, ચીફ ઓફિસર માણસા, નવા ચુંટાયેલા પ્રમુખ પી.ડી. પટેલ, યોગેશભાઈ પટેલ, લક્ષ્મણસિંહ રાઠોડ તેમજ પી.ટી.સી.ના રમેશ પટેલ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ નાગરિકોએ એલ.ઈ.ડી. સ્ક્રીન પર સાબરમતીથી દૂરદર્શન દ્વારા પ્રસારિત થયેલ અમૃત મહોત્સવના પ્રારંભનું સમગ્ર પ્રસારણ નિહાળ્યું હતું.

# કુડાસણનો યુવક લોન લેવા જતા છેતરાયો

## ફાઈનાન્સ કાર્ડ પર માત્ર ૧૦ મિનીટમાં લોન લેવા જતા ૨૫ હજાર ગુમાવ્યા

ગાંધીનગર, તા.૧૨

કુડાસણના યુવકે માત્ર બજાજ ફાઈનાન્સ કાર્ડ પર માત્ર ૧૦ મિનિટમાં લોન લેવાની લાલચમાં રૂ.૨૫ હજાર ગુમાવ્યા છે. ન્યું ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં કાનમ-૨ ખાતે રહેતા ઈલેશ મગનભાઈ પટેલ (ઉં,૩૮) બાંધકામ સાઈટ પર કોન્ટ્રાકટ લઈ ઈલેક્ટ્રીકનું કામ કરે છે. ગત તા.૮ ડિસેમ્બરના રોજ યુવકે એક ન્યુજ પેપરમાં જાહેરાત જોઈ હતી. જેમાં બજાજ ફાઈનાન્સ અને કેપીટલ કાર્ડ પર ફકત ૧૦ મીનીટમાં લોન મળશે. જેથી યુવકે જાહેરાતમાં આપેલા નંબર પર ફોન કરતા સામેવાળા શખ્સે કનુભાઈ સોલંકી બોલી રહ્યો છું તેમ કહ્યું હતું. શખ્સે ૧૦ મિનિટમાં લોન પાસ કરીને પૈસા ખાતામાં જમા થઈ જશે તેવો વિશ્વાસ કેળવ્યો હતો. લોન થઈ શકશે કે નહી તે માટે શખ્સે યુવક પાસે કાર્ડનો નંબર માગ્યો હતો. જયારે ઈલેશભાઈએ પોતાનો બજાજ ફાઈનાન્સ કાર્ડનો નંબર આપ્યો હતો.બીજા દિવસે એટલે કે તા.૯ ડિસેમ્બરના રોજ ફરીયાદીના ફોન પર એક ઓટીપી આવ્યો હતો. ત્યારબાદ ફોન કરીને ગઠીયાએ ફોન કરીને લોનની પ્રોસેસ માટે આવેલ ઓટીપી નંબર આપવા માટે જણાવ્યું હતું. જેથી ઈલેશભાઈએ ઓટીપી નંબર ગઠીયાને વોટસએપ કર્યો હતો. આ નંબર મળતા જ ગઠીયાએ રૂ.૨૫ હજારની ખરીદી કરી હતી. બનાવ અંગે ઈલેશ પટેલે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**ટેન્ડર જાહેર નિવિદા**
**વર્ષ - ૨૦૨૦-૨૧**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
ટેન્ડર ડોક્યુમેન્ટ નં. ૮૨/૨૦૨૦-૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ | Providing & Lying RCC Drainage Line at Kolavada Village under GMC Area. |
| અંદાજીત રકમ | રૂ. ૪,૬૬,૯૭૦.૦૬ |
| ટેન્ડર ફી | રૂ. ૬૦૦/- |
| ઈ.એમ.ડી. | રૂ. ૪,૬૭૦/- |
| ટેન્ડર ઈસ્યુ કરવાનો સમય અને તારીખ | કચેરી સમયે તા. ૧૩/૩/૨૦૨૧ થી તા. ૨૦/૩/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી |
| ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ | કચેરી સમયે તા. ૨૬/૩/૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધી (માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી જ સ્વીકારવામાં આવશે.) |
| ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ | તા. ૩૦/૩/૨૦૨૧, ૧૨.૦૦ કલાકે |
| બીડ વેલીડીટી | ૧૨૦ દિવસ |

અન્ય વિગતો ટેન્ડર ફોર્મમાં દર્શાવેલ છે. ટેન્ડર ડોક્યુમેન્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન ટેન્ડર ફી ભર્યેથી ઉપલબ્ધ કરવામાં આવશે.

માહિતી/૨૧૨૭/૨૦-૨૧

સહી/
મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર

**PUBLICATION**

CNR No.MHLC01-001386-2020
No./079/2021
OFFICE OF THE LABOUR COURT,
New Administrative Bldg., Gr. Floor,
Govt. Colony, Bandra (East), Mumbai-400051
Date: 08/02/2021

**IN THE 4th LABOUR COURT AT MUMBAI**
**BEFORE SHRI F.M.PATHAN, JUDGE**
**APPLICATION (ECA) No.18/C-7/2015**

Shri Ishaq Ahmed Shaikh .. Applicant/s
V/s.
Mr. Shree Pramukh Transport Co. & Onr.
.. Opponent/s

WHEREAS the above named applicant has presentes an application in this court against you for compensation in respect of the injured received by him/death of by accident said to have arisen out of and in the course of his employment as stated in the accompanying of the application. You are hereby summoned to appear in this Court, in person or by a pleader or any other person duly authorised in writing & able to answer all material questions relating to the application or who shall be accompanied by same other person able to answer all such question on Dt. 08/04/2021. at 11.00 A.M. in the before noon to answer the day fixed for your appearance is appointed for the final disposal of the application, you must be prepared to produce on that day all the witness upon whose evidence & all the documents upon which you intent to relay in support of your defense.

Under rule 27 of the Workmen's Compensation Rules, 1924, you are hereby required to file a written statement in duplicated on or before Dt. 08/04/2021.

TAKE NOTICE that in default of your appearance on the day above mentioned, the applicated will be heard & determined in your absence.

Given under my hand & the seal of the Court.

Frxuw Vhdo

To
M/s. Shree Pramukh Transport Co.
Opposite Karelibaug Police Station,
Bhutadi, Zamba Road,
Vadodara, Gujrat - 390 001.

By Order
I/c. Secretary,
Labour Court, Mumbai